EDII

Daman Ganga Times

June 24, 2023

# સેલવાસમાં WRO દ્વારા મહિલા ઉદ્યમીતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી:** રાષ્ટ્રીય મહિલા આયોગ, ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા પ્રસ્તુત અને ભારતીય ઉદ્યમીતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈઆઈ)- અમદાવાદ ના WRO (westernregionaloffice) દ્વારા આયોજિત સેલવાસ ખાતે મહિલા ઉદ્યમીતા જાગૃતિ કાર્યક્રમમાં અતિથિ તરીકે રજની શેટ્ટી (સેલવાસ ન.પા. પ્રમુખ), સોનલ પટેલ (નેશનલ એક્સિકુટિવ કમિટી મેમ્બર), સિમ્પલ કાંટેલા (મહિલા મોરચા સ્ટેટ પ્રેસિડંટ), નિતિન ચાવળા (આસિ.ડિરેક્ટર, એમએસએમઈ, સેલવાસ), ડો. સીમા પિલ્લાઈ (ઈન્ચાર્જ પ્રિન્સિપલ, શ્રીમતી દેવકી બા ચૌહાણ કોલેજ, સેલવાસ), ઉષા નાયર (ઉદ્યોગ સાહસિક અને ડિરેક્ટર, પાવર ફાયનાન્સ કોર્પોરેશન) હાજર રહ્યા હતા.

ચિરાગ પાટિલ, પ્રોજેકટ ઓફિસર, ઈડીઆઈઆઈ વાપી દ્વારા આ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો અને એમને જણાવ્યુ હતું કે આ મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાની જાગૃતિ અને ઉદ્યોગ સાહસિક બનવાની ક્ષમતા વધારવા માટે હતું. મહિલાઓ પણ મુખ્ય પ્રવાહમાં આવીઆર્થિક વિકાસમાં ફાળો આપી શકે એ હેતુ થી EDII અને NCW (નેશનલ કમિશન ફોર વુમન) દ્વારા આવા ૧૦૦ જેટલાં કાર્યક્રમો આખા ભારત વર્ષમાં અલગ અલગ રાજ્યોમાં કરી રહ્યા છે. આ માહિતી ચિરાગ પાટિલ (પ્રોજેકટ ઓફિસર) ઈડીઆઈઆઈ દ્વારા આપવામાં આવી હતી.